જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૦/૦૬/૨૦૧૮ રવિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૮૯/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૧૪૪ લીટર દેશી દારૂ, ૪૨૪૮ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૧૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૫૯ બિયર ટીન, ૧ કાર, ૧ મોતર સાયકલ, ૧ સ્કૂટર, ૧ ઈક્કો ગાડી અને ૧ આયસર ગાડી કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૬,૦૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૯૦/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૨૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૦૯૧/૧૮**

**નિકોલ** : આંબાભાઇ પોપટભાઇ વાટલીયા (ઉ.વ.૫૮)(રહે,ગેલેક્ષી હોમ્સ, મારુતી શો-રૂમની પાછળ રીંગ રોડ) એ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૬/૧૮ બપોરના ૪/૦૦ થી તા.૦૯/૦૬/૧૮ ના કલાક ૧૦/૩૦ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના બંધ મકાનની બારી તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, કબાટમાંથી સોના-ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૧૯,૫૦૦/- અને રોકડ રૂપિયા ૧૨,૦૦૦/- મળી કુલ રુપિયા ૩૧,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.ડી.વાઢેર્ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.